






Llywodraeth Cymru
Welsh Government

www.cymru.gov.uk

# આજે સ્કૂલ કેવી હતી?

## માતાપિતા અને કેરર્સ (સંભાળ રાખનારાઓ) માટે સેકંડરી સ્કૂલ માટે માર્ગદર્શિકા

**11–14 વર્ષની ઉંમરના માટે**





# અનુક્રમણિકા


મારું બાળક શું શીખી રહ્યું છે? 4

વાંચન અને અંકગણિત (ન્યૂમરસી)ના ટેસ્ટ શું છે? 14

મારા બાળકના શિક્ષણમાં હું કેવી રીતે ટેકો આપી શકું? 16

મારા બાળકની આકારણી (અસેસ) કેવી રીતે કરવામાં આવે છે? 20

સ્કૂલના રીપોર્ટો 24

કી સ્ટેજ 4 માં સરળતાથી જવું 26

ઉપયોગી સંપર્કો 30




ISBN: 978-0-7504-9401-4
WG17867 Gujarati
© ક્રાઉન કોપીરાઈટ ફેબ્રુઆરી 2013

વેલ્શ ગવર્નમેંટનું માનવું છે કે શીખનારાઓને ભવિષ્ય માટે મજબુત પાયો આપીને લાંબા ગાળે બાળકો અને સંપૂર્ણપણે વેલ્સને લાભ થશે.

માતાપિતા અને કેરર્સને તેમના બાળકોને શીખવા માટે અને વધુ મહત્વપૂર્ણ રીતે, સ્કૂલનો અને શિક્ષણનો આનંદ અનુભવે તે માટે મદદ કરવા માં તેમની એક મહત્વપૂર્ણ ભૂમિકા છે.

આ માર્ગદર્શિકા એ સમજાવવામાં માટે મદદ કરશે કે તમારું બાળક સેકંડરી સ્કૂલમાં શું શીખે છે. તમારા બાળકની કેવી રીતે મદદ કરવી તે માટે તે તમને કેટલાક વિચારો આપશે અને કયાંથી વધુ જાણકારી મેળવવી અને સમજાવશે કે કેવી રીતે તેમની પ્રગતિ માપવામાં અને તમને જણાવવામાં આવશે.

વેલ્સમાં બાળકોનું શિક્ષણ ચાર વિભાગોમાં અથવા તબક્કામાં વહેંચવામાં આવે છે.

| પ્રાઇમરી સ્કૂલ (પ્રાથમિક શાળા) | | સેકંડરી સ્કૂલ (માધ્યમિક શાળા) | |
|---|---|---|---|
| **1** આ ફાઉન્ડેશન ફેઝ (તબક્કો) 3 અને 7 વર્ષ વચ્ચેની ઉંમરના બાળકો માટે છે. | **2** કી સ્ટેજ 2 (મુખ્ય તબક્કો 2) 7 થી 11 વર્ષ સુધી છે. | **3** કી સ્ટેજ 3 11 થી 14 વર્ષ સુધી છે. | **4** કી સ્ટેજ 4 14 અને 16 વર્ષ વચ્ચેની ઉંમરના શીખનારા બાળકો માટે છે. |

**આ માર્ગદર્શિકા સેકંડરી સ્કૂલ માં કી સ્ટેજ 3 માં 11 થી 14 વર્ષ વચ્ચેની ઉંમરના બાળકો માટે લાગુ પડતા અભ્યાસક્રમને વર્ણવે છે.**

તમે તમારા બાળકના શીખવાના અન્ય તબક્કાઓ વિશે જાણકારી અહીંથી મેળવી શકો છો www.wales.gov.uk/educationandskills

# મારું બાળક શું શીખી રહ્યું છે?



આ વયની જૂથમાંના બાળકો કી સ્ટેજ 3 માટેના નૅશનલ કરિક્યુલમ (રાષ્ટ્રીય અભ્યાસક્રમ)માં સુયોજિત થયેલ અભ્યાસ કાર્યક્રમોનું પાલન કરશે. તેમનું શિક્ષણ પ્રાઇમરી સ્કૂલમાં મેળવેલા અનુભવો અને ભણતર પર આગળ વધે છે અને તેમને તેઓના સેકંડરી શિક્ષણમાં આગળ જતાં પરીક્ષાના અભ્યાસક્રમો માટે નિર્ણયો કરવા માટે તૈયાર કરે છે.

કી સ્ટેજ 3 માં અભ્યાસક્રમ વિષયો અને કૌશલ્યોની આસપાસ રચાયેલ છે. તે ભાષા, ગણિત અને વિજ્ઞાનમાં એક મજબૂત પાયો પૂરો પાડશે અને બાળકોને એક વ્યાપક અને સંતુલિત અભ્યાસક્રમની અંદર તેમનું શ્રેષ્ઠ હાંસલ કરવાની તક આપશે.

સારી અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાનની કુશળતામાં વિકાસ કરવો, અને પરિસ્થિતિઓની વિશાળ શ્રેણીમાં તેમનો ઉપયોગ, તે સેકંડરી સ્કૂલોમાં બાળકો માટે શીખવાનું મૂળ છે.

બધા યુવાન લોકો વાંચવામાં અને લખવામાં સમર્થ હોય અને નંબરોને અસરકારક રીતે અને વિશ્વાસપૂર્વક વાપરીને જીવનમાં અને ભણતરમાં તેમના ભવિષ્યની પસંદગીઓને આધાર આપે તે અમને જોઈએ છે.

તમારું બાળક વિપુલતાવાળું અને વિવિધ અભ્યાસક્રમનું પાલન કરશે જે નીચેના વિશે તેમને શીખવા માટે તકો આપવા માટે રચાયેલ છે:

- ઇંગલિશ (અંગ્રેજી) • વેલ્શ કે વેલ્શ બીજી ભાષા તરીકે
- ગણિત (મૅથમૅટિક્સ) • વિજ્ઞાન (સાઇન્સ)
- ડિઝાઇન એન્ડ ટેકનોલોજી
- ઇન્ફર્મેશન એન્ડ કમ્યૂનિકેશન ટેકનોલોજી (આઇસીટી)
- એક આધુનિક વિદેશી ભાષા • ઇતિહાસ (હિસ્ટરી)
- ભૂગોળ (જિયોગ્રફી) • સંગીત (મ્યુઝીક)
- કળા અને ડિઝાઈન (આર્ટ એન્ડ ડિઝાઈન)
- વ્યાયામ શિક્ષણ (ફિઝીકલ ઍજુકેશન) (પીઈ).



બાળકોએ ધાર્મિક શિક્ષણ (RE) નો પણ અભ્યાસ કરવો જ જોઈએ અને બધી સેકંડરી સ્કૂલોએ માટે કેટલુંક વ્યક્તિગત અને સામાજિક શિક્ષણ પર્સનલ એન્ડ સોશિયલ ઍજુકેશન (PSE), કરીઅર્સ (કારકિર્દી) અને કામની દુનિયાનું, અને જાતીય શિક્ષણ પૂરું પાડવું જ પડશે.

બાળકો શું શીખશે તેની વિગત અને સ્કૂલનો દિવસ કેવી રીતે યોજવામાં આવે છે તે દરેક સ્કૂલ નક્કી કરે છે. અમે સુયોજિત કરી છે તે જરૂરિયાતોને તેઓ ધ્યાનમાં લેશે અને પોતાના સમયપત્રકનું આયોજન કરશે.

શિક્ષકો પાઠ યોજનાઓ બનાવીને નક્કી કરે છે કયા શિક્ષણના સ્રોતો અને અભિગમોના ઉપયોગ કરવા તેમના અભ્યાસક્રમ કાનૂની જરૂરીયાતોને બંધબેસે છે તેની ખાતરી કરવાનો આધાર સ્કૂલ પર રહેલો છે.

તમારા બાળકની સ્કૂલ જે રીતે તેઓ અભ્યાસક્રમનું માળખું બનાવે છે અને કુશળતાઓનો વિકાસ કરાવે છે, એ જ પ્રમાણે તમારું બાળક જે વિષયોને આવરી લેશે તેના વિશે વિગતોની તમને વધુ જાણકારી આપી શકશે.

વેલ્સમાં શિક્ષણ અને અભ્યાસક્રમ વિશે
વધુ માહિતી તમને અહીં પરથી મળી શકે છે
www.wales.gov.uk/educationandskills

# ઇંગ્લિશ કે વેલ્શ

બાળકો બોલવાના, સાંભળવાના, વાંચવાના અને લખવાના એક કાર્યક્રમમાં ભાગ લેશે.

બાળકોને શ્રોતાઓ, દર્શકો અને બોલનારા તરીકે તેમની ક્ષમતા વિસ્તારવાની અને તેનો વિકાસ કરવાની પ્રવૃત્તિઓ ખાતરી કરશે.

બાળકો આનંદ, રસ અને જાણકારી માટે અને જાણકારીથી તેમના વાંચન વિશે એક અંગત અભિપ્રાય વિકસાવવા અને સમજાવવા માટે વિશાળ વાંચન કરશે.

તેમને રજૂ થયેલ અનુભવોમાં તેઓને નાટક અને ભૂમિકા-ભજવવાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તકોનો સમાવેશ થાય છે.

તેઓ ઔપચારિકતાના એક યોગ્ય સ્તરનો ઉપયોગ કરીને તેમની ભાષાને વિવિધ હેતુઓ અને પ્રેક્ષકોને બંધબેસતી કરવા માટે અનુરૂપ બનાવવાનું શીખશે.



# વેલ્શ બીજી ભાષા તરીકે

જેમ જેમ બાળકો વેલ્શ બોલવામાં વધુ આત્મવિશ્વાસુ બની જાય છે, તેઓ વાંચવાના, લખવાના અને સ્પષ્ટ અને સહેલાઈથી બોલવાના એક કાર્યક્રમ દ્વારા તેમના કૌશલ્યો, જ્ઞાન અને સમજણ ને વધારશે.

શ્રોતાઓ, દર્શકો અને બોલનારા તરીકે બાળકોની ક્ષમતાઓને વિકસાવવામાં અને વિસ્તૃત કરવામાં આવશે અને તેઓ વધતી પ્રવાહીતા સાથે વાત કરશે.

તેમને રજૂ થયેલ અનુભવોમાં નાટક અને ભૂમિકા-ભજવવાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે તકોનો સમાવેશ થાય છે.

તેઓ તેમની વાંચન સામગ્રી વિશે વ્યક્તિગત મંતવ્યો રજૂ કરી શકશે અને સામગ્રી અને શૈલી માટે યોગ્ય જવાબ આપી શકશે.



# ગણિત (મૅથમૅટિક્સ)

બાળકો ગાણિતિક સમસ્યાઓનું નિરાકરણ કરતાં, વધતા જતા આત્મવિશ્વાસ અને સાનુકૂળતા સાથે કામ કરીને અજાણી સમસ્યાઓ અથવા અજાણ્યા સંદર્ભ, બોલેલા અને લખેલા કામમાં સમસ્યાઓનું નિરાકરણ કરતાં, અન્ય લોકોને તેમના તર્કો સમજાવતા, વાસ્તવિક જીવનની સમસ્યાઓને લાગુ પડતાં ગણિતના સમગ્ર વિસ્તાર તરફથી સંદર્ભનો ઉપયોગ દ્વારા તેમના ગાણિતિક વિચારના વિસ્તારમાં વધારો કરે છે.

બાળકો જ્યારે એલ્જીબ્રા અને જિયામેટ્રી નો ઉપયોગ કરીને સમસ્યાઓ ઉકેલવાના અનેક જુદા જુદા માર્ગો જાણશે ત્યારે તેઓ તેમની તર્કસંગત દલીલની સમજનો વિસ્તાર વધારશે તેઓ આકાર, વાસ્તવિક સ્થાન અને ચળવળના ગુણધર્મોની ઊંડી સમજ વિકસાવશે અને માહિતીને એકત્રિત કરશે, દર્શાવશે, તેનું વિશ્લેષણ અને વાસ્તવિક અર્થઘટન કરશે.



# વિજ્ઞાન (સાઇન્સ)

સ્કૂલો બાળકોને તેમના વૈજ્ઞાનિક કૌશલ્યો, જ્ઞાન અને સમજણને વ્યૂહરચનાઓ રચવા, સમસ્યાઓ ઉકેલવા અને સ્પષ્ટતાઓ આપવા માટે લાગુ કરવાનું શીખવાડશે અને તેમની માહિતી બારામાં વૈજ્ઞાનિક વિચારોને, વર્તમાન મુદ્દાઓ સહિત સંબંધિત કરશે.

તેઓને વૈજ્ઞાનિકોના કામનો અભ્યાસ કરવાની અને તેમના કામમાં અને વૈજ્ઞાનિક વિચારોના વિકાસમાં પ્રાયોગિક માહિતી, સર્જનાત્મક વિચારસરણી અને મુલ્યોની ભૂમિકા ઓળખવાની તકો આપવામાં આવશે.

# આધુનિક વિદેશી ભાષાઓ

બાળકોને આધુનિક વિદેશી ભાષામાં વાતચીત કરવાની આવડતોનો વિકાસ કરવાની તક મળશે. તક આપવામાં આવેલ ચોક્કસ ભાષા અથવા ભાષાઓ વ્યક્તિગત સ્કૂલો દ્વારા નક્કી કરવામાં આવશે.

તેમના વાંચવાના, લખવાના અને સ્પષ્ટ અને સહેલાઈથી બોલવાના કૌશલ્યને વિકસાવતાં, બાળકો આંતરસાંસ્કૃતિક સમજણ અને વિશ્વમાં રહેવાની સૂઝમાં પણ વિકાસ કરશે અને વિવિધ સંસ્કૃતિઓ અને સમુદાયોની કદર કરતા શીખશે અને તેમને પોતાની સંસ્કૃતિ સાથે સરખાવશે. તેઓ અન્ય ભાષાઓ અને ઇંગલિશ અને વેલ્શ વચ્ચેની સમાનતા અને તફાવતોની શોધખોળ કરશે.

બાળકોને બીજી ભાષાને સમજવા અને તેમાં વાતચીત કરવાની ક્ષમતાની કદર કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે કે આં શિક્ષણ, નિવૃત્તિ અને આ દેશમાં અને સમગ્ર વિશ્વમાં રોજગાર માટેનું આજીવન કૌશલ્ય છે.



# ડિઝાઇન એન્ડ ટેકનોલોજી

એકવીસમી સદીના ટકાઉતા અને પર્યાવરણીય મુદ્દાઓને હિસાબમાં લેતાં, સ્કૂલો બાળકોને તેમના જ્ઞાન અને સમજ સાથે તેમના કૌશલ્યોના સંયોજન દ્વારા પ્રોડક્ટસ ડિઝાઇન કરીને બનાવતા શીખવશે. તેઓને જે સમાજના આધાર છે તેવાં મુલ્યોના ધોરણોને આધારે નિર્ણયો લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. અને તેથી તેમને સક્રિય અને જાણકાર નાગરિકો બનવામાં મદદ થશે તેઓને જેણે દુનિયાને આકાર આપ્યો છે તેવી માનવ સિદ્ધિ અને મોટા વિચારો કે તેની સાથે વાકેફ કરવામાં આવશે.

# ઇન્ફર્મેશન એન્ડ કમ્યૂનિકેશન ટેકનોલોજી (આઇસીટી)

બાળકો તેમની વધતી જતી જાગૃતિનો વિકાસ કરીને કે માહિતી કેટલી સુસંગત અને ભરોસાપાત્ર છે તેના દ્વારા તેમના કૌશલ્યો, જ્ઞાન અને સમજણને વધારશે અને સ્ત્રોતોમાં પક્ષપાતને ઓળખવાનું અને પ્રશ્ન કરવાનું શરૂ કરશે.

તેઓને આઇસીટી અને બિન-આઇસીટી બંને પ્રકારના સલામત અને યોગ્ય માહિતી સ્ત્રોતો ના ઉપયોગ કેવી રીતે કરવો તેમજ આઇસીટીની જુદી જુદી કુશળતા અને સ્ત્રોતોનો માહિતી શોધવા, વિશ્લેષણ કરવા, સંચાર કરવા, રજુ કરવા અને આપ લે કરવામાં ઉપયોગ કરવો તેમાં વધુને વધુ સ્વતંત્ર બનવાનું શીખવવામાં આવશે. તેઓ વ્યાપક સમાજમાં આઇસીટીનો સામાજિક, નીતિવિષયક, નૈતિક અને આર્થિક અસરો સાથે વધુને વધુ પરિચિત બનતાં જશે.



# ઇતિહાસ (હિસ્ટરી)

બાળકો છેલ્લા મિલેન્નીયમ દરમ્યાન વેલ્સ અને બ્રિટનના ઇતિહાસમાંથી પસંદ કરેલા સમયમાં મુખ્ય રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક લક્ષણો પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રશ્નો દ્વારા શીખશે. તેઓ તેઓ દરેક સમયમાં લોકોને વિવિધ અનુભવો થયાં હતાં તેની વિશે શીખશે, અને ઘટનાઓનો કારણોનું અને વસ્તુઓ સમય સાથે કેવી રીતે બદલાય છે તેની સમજ વિકસાવશે.

## સંગીત (મ્યુઝીક)

બાળકો ગાવામાં અથવા વાદ્ય વગાડવામાં, સંગીતની રચના કરવામાં, સંગીતનું મૂલ્યાંકન કરવામાં સામેલ થઇ સંગીત બનાવવાનો આનંદ લેશે તેઓ સંગીતનાં કૌશલ્યનો વિકાસ કરશે જેમાં ગાવાનો, વાદ્ય વગાડવાનો અને પ્રેક્ટિસ કરવાનો તેમજ પ્રેરણાથી સંગીત બનાવવાનો, સંગીત કંપોઝ કરવાનો અને ગોઠવણી કરવાનો સમાવેશ થાય છે. તેઓ સંગીત સાંભળવાનું અને મૂલ્યાંકન કરવાંનું પણ શીખશે.

## ભૂગોળ (જિયોગ્રફી)



પ્રક્રિયાઓ કેવી રીતે બંને કુદરતી અને માનવ દ્વારા સર્જિત વિસ્તારોને આકાર આપે છે તેનું જ્ઞાન અને સમજણને બાળકો વિસ્તૃત કરશે. તેઓ તપાસો કરશે, નકશા વાપરશે, માહિતી ભેગી કરશે, અને માહિતીનું વિશ્લેષણ કરશે અને કૃત્રિમ રીતે માહિતી બનાવશે.

તેઓને રોજિંદા મુદ્દાઓ વિશે માહિતીસભર ચુકાદા બનાવવા માટે, પોતાના વિચારો અને અભિપ્રાયોનો વિકાસ અને તેના પર મનન કરવા માટે અને વિશ્વમાં તેમની ભૂમિકા અને પર્યાવરણ માટે જવાબદારી ની ભાવનાના વિકાસ માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

## કળા અને ડિઝાઈન (આર્ટ એન્ડ ડિઝાઈન)

બાળકો કેવી રીતે તેઓ પોતાનું કામ બનાવે છે અને અન્ય કલાકારો, હસ્તકલા બનાવનારો અને ડિઝાઇનરો ના કામ વચ્ચે જોડાણ બનાવવા માટે વધતી ક્ષમતાનો વિકાસ કરે છે. સામગ્રી અને પ્રક્રિયાઓ માટે તેમની પસંદગી વધુને વધુ સ્વતંત્ર બનશે, અને ભૂતકાળના અનુભવો પરથી તેઓનો દાર્શનિક, સ્પર્શે અને સંવેદનાત્મક ભાષાના ઉપયોગમાં આત્મવિશ્વાસ વધશે.

# વ્યાયામ શિક્ષણ (ફિઝીકલ ઍજુકેશન) (પીઈ)

જેમ જેમ બાળકોનો આત્મવિશ્વાસ વધતો જશે, તેમ તકનિકી રીતે વધુ પડકારરૂપ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તેમની ક્ષમતામાં પણ વધારો થશે. તેઓ અન્ય લોકો સાથે કામ કરીને એક ટીમ અથવા ભાગીદારીને મજબૂત કરીને અન્યને હરાવવાના ફાયદા શીખશે. તેઓ કાર્યક્રમો માટે પ્રેક્ટિસ કરવાનું પણ શીખશે.

પ્રવૃત્તિમાં સામેલ થવાથી તેમના આરોગ્ય અને તેમની તંદુરસ્તીને લાભ થશે એ સમજવા માટે અને તેમની પોતાની સુખાકારી માટે વધારે જવાબદારી લેવા માટે સ્કૂલો બાળકોને પ્રોત્સાહિત કરશે.

# મારું બાળક બીજું શું શીખશે?

નૅશનલ કરિક્યુલમની સાથે સાથે, બધાં બાળકો ધાર્મિક શિક્ષણ (રિલિજિયસ ઍજુકેશન) (RE) અને વ્યક્તિગત અને સામાજિક શિક્ષણ પર્સનલ એન્ડ સોશિયલ ઍજુકેશન (PSE).

અને જાતીય શિક્ષણના કાર્યક્રમનું પાલન કરશે. ખરી રીતે, શીખનારાઓની ચોક્કસ જરૂરીયાતો માટે રચાયેલ એક વ્યાપક અને સંતુલિત RE, PSE અને જાતીય શિક્ષણના કાર્યક્રમની યોજના બનાવીને પૂરી પાડવાની તે સ્કૂલોની જવાબદારી છે.



# અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન (લિટરસી એન્ડ ન્યૂમરસી)

5 થી 14 વર્ષનાં બાળકોને તેમની અક્ષરજ્ઞાન-વાંચન અને લેખન (લિટરસી) અને અંકજ્ઞાન (ન્યૂમરસી)ની આવડતો વિકસાવવામાં સહાયતા કરવા માટે સપ્ટેમ્બર 2013થી કાયદેસર આધાર પર એક નવું નેશનલ લિટરસી એન્ડ ન્યૂમરસી ફ્રેમવર્ક (એલ.એન.એફ.) શરૂ કરવામાં આવી રહ્યું છે.

બધા બાળકોને મજબૂત અક્ષર જ્ઞાન અને અંક જ્ઞાન ની કુશળતાઓનો વિકાસ કરવા માટે ટેકો આપવામાં આવશે. આ કુશળતાઓ માત્ર ઇંગલિશ, વેલ્શ અને ગણિતના અભ્યાસ વિશે જ નથી, પણ તેઓ વિવિધ પરિસ્થિતિઓમાં અને પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણીમાં કુશળતાઓ વાપરવા માટે સક્ષમ હોવા અંગે છે.

સાક્ષરતા કુશળતાઓના એક સમૂહને વર્ણવે છે, જેમાં બોલવાનું , સાંભળવાનું, વાંચન અને લેખનનો સમાવેશ થાય છે, જેનાથી આપણે આપણી આસપાસની દુનીયાને સમજી શકીએ છીએ.

અંકજ્ઞાન ગાણિતિક મૂળભૂત પર આધારિત છે. અંકજ્ઞાન કુશળતાઓના એક સમૂહને વર્ણવે છે જે આંકડાકીય તર્કનો ઉપયોગ કરીને યોજના ઘડે છે કે આ સમસ્યા કેવી રીતે ઉકેલવી, અને પછી ઉકેલ શોધવા માટે ગાણિતિક કાર્યવાહી કરીને વિવિધ પરિસ્થિતિઓમાં વાસ્તવિક-વિશ્વની સમસ્યાઓના નિકાલ માટે જરૂરી છે.

આ લિટરસી અને ન્યૂમરસી ફ્રેમવર્ક લિટરસી અને ન્યૂમરસીની વાર્ષિક અપેક્ષાઓ ઓળખે છે અને તે બાળકોને રાષ્ટ્રીય અભ્યાસક્રમના તમામ વિષયો મારફતે અને વિસ્તૃત શ્રેણીની પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને તેમની લિટરસીની અને ન્યૂમરસીની આવડતો વિકસાવવામાં મદદ કરશે.

# વાંચન અને અંકગણિત (ન્યૂમરસી)ના ટેસ્ટ શું છે?



## રાષ્ટ્રીય ટેસ્ટ (ચકાસણીઓ)

વિદ્યાર્થીઓ સારી પ્રગતિ કરે છે તેની ચોક્સાઈ કરવાની સર્વોત્તમ પદ્ધતિ એ છે કે તેઓ ક્યારેય પાછળ ન પડી જાય તેની ખાતરી કરવી. વિદ્યાર્થીના કાર્યપ્રદર્શન ઉપર નિયમિત રીતે દેખરેખ રાખીને અને તેની આકારણી કરતાં રહીને જ આ મેળવી શકાય છે, અને એટલા માટે મે 2013થી, વેલ્સમાં યર 2 (બીજા ધોરણ)થી યર નવ (નવમા ધોરણ) સુધીનાં તમામ વિદ્યાર્થીઓ વાંચન અને અંકગણિતની ટેસ્ટ આપશે.

આ ટેસ્ટ લગભગ એક કલાક ચાલશે અને તે એવી રીતે તૈયાર કરવામાં આવેલ છે જેથી અમુક વિદ્યાર્થીઓ તેમાં "જૂથમાં" બેસી શકશે.

આ ખાસ કરીને નાનાં વિદ્યાર્થીઓ માટે તેમજ શીખવાની વધારાની જરૂરતો હોય તેવાં શીખનારાં માટે અગત્યનું છે. વ્યક્તિગત વિદ્યાર્થીઓની જરૂરતોના આધારે, તે યર ગ્રુપ, ક્લાસમાં અથવા તો નાનાં નાનાં જૂથના આધાર પર લઈ શકાય છે.

# વાંચનના ટેસ્ટ

વાંચનના ટેસ્ટ બે યર ગ્રુપ વચ્ચે ફેલાવવામાં આવશે (યર 2 – યર 3, યર 4 – યર 5, યર 6 – યર 7 અને યર 8 – યર 9). 2014 માટે નવા ટેસ્ટ તૈયાર કરવામાં આવશે જેથી કોઈ વિદ્યાર્થીએ એકનો એક ટેસ્ટ ફરીથી નહિ આપવો પડે.

આ ટેસ્ટમાં અનેક ફકરાઓ આપવામાં આવશે જે બાદ ટૂંકા, મુદ્દાસર જવાબો આપવાના તેમજ એક કરતાં વધારે પસંદગીઓમાંથી આપવાના હોય તે પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે. જો કે, સ્કૂલોને વૈકલ્પિક ટેસ્ટની સામગ્રી પણ મોકલવામાં આવશે જે તેઓ વિદ્યાર્થીની તાકાત અને કમજોરીઓ શું છે તે વધારે તપાસવા માટે વાપરી શકે છે.

# અંકગણિતના ટેસ્ટ

અંકગણિત (ન્યૂમરસી) ટેસ્ટ બે વિભાગોમાં વહેંચવામાં આવેલ છે. એક વિભાગમાં ગણિતની પદ્ધતિઓ, જેમ કે સરવાળો, ભાગાકાર તેમજ ગુણાકારના જ્ઞાનની આકારણી કરવામાં આવશે, જ્યારે બીજા વિચારશક્તિના ટેસ્ટમાં, વિદ્યાર્થી તેનું આ જ્ઞાન રોજેરોજની સમસ્યાઓમાં વાપરી શકે છે કે નહિ તે જોવામાં આવશે.

2013માં અંકગણિતના ટેસ્ટમાં માત્ર ગણિતની પદ્ધતિઓના જ્ઞાનની જ આકારણી કરવામાં આવશે. આનાથી શિક્ષકોને અંકગણિત શીખવવાના તેમના અભિગમમાં જરૂરત મુજબના ફેરફારો કરવાનો સમય મળી રહેશે, જેથી કરીને તેઓ ખાતરી કરી શકશે કે વિદ્યાર્થીઓને જ્યારે મે 2014માં વિચારશક્તિની ચકાસણી કરતા ટેસ્ટમાં પહેલીવાર બેસવાનું આવશે ત્યારે તેમણે શું કરવાનું છે તેની ખબર હોય.

# મારા બાળકના શિક્ષણમાં હું કેવી રીતે ટેકો આપી શકું?

બાળકોને શીખવામાં મદદ કરવામાં માતાપિતાની સંડોવણી આવશ્યક રૂપે મહત્વની છે. તમે તમારા બાળકના વિકાસ અને શિક્ષણમાં સક્રિય રીતે સંકળાયને, ફક્ત ઘરે જ નહિ પરંતુ તમારા રોજિંદા સાથે મળીને જીવનના ભાગ તરીકે. રસ લો અને તેઓ શાળામાં કયા વિષયો અનુસરી રહ્યા છે તેના વિશે વાત કરો અને એ ખાતરી કરવાનો પ્રયાસ કરો કે તેઓ માટે અભ્યાસ અને હોમવર્ક કરવા માટે એક શાંત સ્થળ હોય.

## ઘરે સાથે મળીને શીખવા માટે વિચારો

- તમારા બાળકને વાંચવા માટે, ભલે દિવસના ફક્ત 10 મિનિટ માટે, પ્રોત્સાહન આપવાથી વાસ્તવિક તફાવત લાવી શકાય છે. વાંચન સામગ્રી અલગ અલગ હોય શકે છે, તમારા બાળકને પ્રોત્સાહન આપો કે ફક્ત પુસ્તકો અને મેગેઝીન્સ જ નહિં પણ વેબસાઇટ્સ, એપ્સ, રમતો અને વિગેરે વાંચે.

- અદ્યતન સમાચારોથી વાકેફ રાખીને બાળકોને સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સમુદાયની તેમની જાગૃતિ વિકસાવવામાં મદદ કરશે. તેમને સપ્તાહમાં એક અથવા બે વાર અખબાર અથવા વેબ આધારિત ન્યૂઝ વાંચવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરો.

- જ્યારે ઘરના બીલ તપાસો છો, ત્યારે બિલ શું બતાવે છે અને તેની કેવી રીતે ચૂકવણી કરવી તેના પરના વિવિધ વિકલ્પો તેના પર તેની સાથે ચર્ચા કરો. આ એક મૂલ્યવાન જીવન કૌશલ્ય છે.
- બાળકોને પ્રવાસોના આયોજન, રજાઓ અથવા ઘટનાઓ છે અને ઘરના કાર્યો અને DIY માં પણ સામેલ કરો.
- હાલમાં શાળામાં ભણાવવામાં આવે છે તેની સાથે પરિવારની કેટલીક વિકેન્ડની પ્રવૃત્તિઓને સંબંધિત કરવાનો પ્રયત્ન કરો. તે શીખવાનું વધુ મનોરંજક બનાવવામાં મદદ કરશે.
- યાદ રાખો, કે જે પ્રવૃત્તિઓમાં ઈન્ટરનેટના ઉપયોગ, રમતો અને સ્પોર્ટ્સનો સમાવેશ થાય છે, તેઓ તમામ કુશળતા અને જ્ઞાન લાગુ પાડવા માટે કિંમતી અને મનોરંજક તકો પૂરી પાડે છે.
- તમારા બાળકને તેમના હોમવર્કને શ્રેષ્ઠ રીતે અને સમય પર પૂરું કરવા માટે પ્રોત્સાહન આપો.



## સ્કૂલમાં હાજરી

અલબત્ત, તમારા બાળકના શિક્ષણને ટેકો આપવા માટે શ્રેષ્ઠ માર્ગ એ છે કે તમે ખાતરી કરો કે તેઓ વર્ગમાં જવાનું ચૂકી નથી જતાં. તેથી, તમારા બાળકને જીવનની શ્રેષ્ઠ શરૂઆત આપવા ખાતરી કરો કે તમારું બાળક બધા સમયે સ્કૂલમાં હાજરી આપે છે.



# શું ખાસ શૈક્ષણિક જરૂરિયાતો સાથેના બાળકો નૅશનલ કરિક્યુલમને અનુસરે છે?



શિક્ષણની વધારાની જરૂરિયાતોવાળા બાળકો સહીત મોટા ભાગના બાળકો નૅશનલ કરિક્યુલમનું પાલન કરવા માટે સમર્થ હશે. જો કે, અમુક સમયે, હેડટીચર નક્કી કરી શકે છે કે ખાસ શૈક્ષણિક જરૂરિયાતોની સાથેના બાળક માટે નૅશનલ કરિક્યુલમના તમામ અથવા અમુક ભાગ, કામચલાઉ, લાગુ નથી પડતો. કેટલાક બાળકો માટે ખૂબ જ અસાધારણ કિસ્સાઓમાં જેમ કે જેમની પાસે લોકલ અથોરિટી દ્વારા આપવામાં આવેલ સ્ટેટ્મેંટ્સ ઓફ સ્પેશલ ઍજુકેશનલ નીડ્સ હોય તેમાં, નક્કી કરી શકાય કે નૅશનલ કરિક્યુલમ કાયમી ધોરણે લાગુ નથી પડતુ. આ 'ડિસેપ્લિકેશન' તરીકે ઓળખાય છે.

વધારાની જરૂરિયાતોની સાથેના બાળકો માટે શું આપવામાં આવે છે તેના વિશે તમને વધુ માહિતી અહીં મળશે
www.wales.gov.uk/educationandskills

# હું નેશનલ કરિક્યુલમમાંથી મારા બાળકને પાછું ખેંચી શકું છુ?

નેશનલ કરિક્યુલમના વિષયોમાંથી, અથવા આ વિષયોમાં શીખનારાઓની પ્રગતિની આકારણીની વ્યવસ્થામાંથી પાછા ખેંચી લેવા માટે કોઈ પેરન્ટલ અધિકાર નથી. જો કે, ધાર્મિક શિક્ષણ અને કોઇ જાતીય શિક્ષણ, જે પૂરું પાડવામાં આવી શકે છે, તેમાંથી તમારા બાળકને પાછા ખેંચી લેવાનો અધિકાર છે.



# મારા બાળકની આકારણી (અસેસ) કેવી રીતે કરવામાં આવે છે?



દરેક નૅશનલ કરિક્યુલમના વિષય પાસે પડકારરૂપ લક્ષ્યાંકોનો સમૂહ છે જે સામાન્ય રાષ્ટ્રીય સ્કેલ પરના પગલાંઓની શ્રેણી, અથવા સ્તરોને આવરી લે છે. દરેક વિષયની અંદર, તમારા બાળકની પ્રગતિની આઠ સ્તરો અને ઍક્સેપશનલ પર્ફોર્મન્સ (ઇપી) (અસાધારણ કાર્યપ્રદર્શન) પર આધારિત રાષ્ટ્રીય ધોરણો સામે આકારણી કરાય છે. આ શિક્ષકોને ઉંમર અને ક્ષમતા મુજબ પાઠોનું આયોજન કરવામાં મદદ કરે છે, અને બાળકોની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે.

શિક્ષકો રોજ રોજ બધા વિષયો અને પ્રવૃત્તિઓમાં બાળકોના કામનું મૂલ્યાંકન કરે છે. ખાસ કરીને, તેઓ મુખ્ય વિષયોમાં પ્રગતિનું મૂલ્યાંકન કરશે જેવા કે ઇંગલિશ, વેલ્શ (ક્યાં તો પ્રથમ કે બીજી ભાષા તરીકે), ગણિત અને વિજ્ઞાન.

શિક્ષક નક્કી કરશે કે નૅશનલ કરિક્યુલમના સ્કેલ પર કયું સ્તર છે જે દરેક મુખ્ય વિષયમાં તમારા બાળકની પ્રગતિ શ્રેષ્ઠ પ્રતિબિંબિત કરે છે. આ આકારણી તમારા બાળકના સ્કૂલ અને તેમના હોમવર્કના કાર્યના તમામ પાસાંઓ પરથી કરવામાં આવે છે.

# મારા બાળકની પ્રગતી વિષે હું કેવી રીતે જાણી શકું?



તમને દર વર્ષે ઓછામાં ઓછા એક વાર તમારા બાળકની પ્રગતિ વિષે લેખિત રિપોર્ટ મળશે. તમને તમારા બાળકના શિક્ષકને મળવાની પણ પૂરી તક મળશે.

નૅશનલ કરિક્યુલમની આકારણીમાંથી માહિતી વાર્ષિક રિપોર્ટનો ભાગ બનશે. આ વાર્ષિક રિપોર્ટમાં તમારા બાળકના શિક્ષકે તમારા બાળકની શક્તિઓ તેમજ તે ક્યાં સુધારો કરી શકે તેમ છે તે વિષે તેમજ તેની હાજરી અને સિદ્ધિઓ વિશે પ્રતિભાવો પણ આપેલા હશે. આ રિપોર્ટ તમારા બાળકની શીખવાની જરૂરિયાતો અને આગળનાં પગલાં વિશે ચર્ચા માટે આધાર રૂપ બનશે.

કી સ્ટેજ 3 ના અંતે તમારા બાળકના રિપોર્ટમાં દરેક વિષય માટે નૅશનલ કરિક્યુલમના સ્તરનો સમાવેશ થશે. આ તમને નૅશનલ કરિક્યુલમ ધોરણો સામે તમારા બાળકની પ્રગતિ અને સિદ્ધિના સ્તરનો "સ્નેપશોટ" દેખાવ સમગ્ર વર્ષ દરમ્યાનની વિગતોનો સારાંશ આપશે.

આ રીપોર્ટમાં સમગ્ર શાળા માટેના પરિણામોની સ્થાનિક અને રાષ્ટ્રીય ધોરણો સાથે સરખામણી વિશે અમુક જાણકારીનો પણ સમાવેશ થાય છે.

સ્કૂલના રિપોર્ટો વિશે વધુ માહિતી માટે જૂઓ
www.wales.gov.uk/educationandskills

# નેશનલ કરિક્યુલમના સ્તરો (લેવલો)

## નેશનલ કરિક્યુલમના પરિણામો 1, 2 અને 3

શિક્ષકો નેશનલ કરિક્યુલમ પર પ્રથમ પગલાં તરફ બાળકો કામ કરે છે તેમની માટે ત્રણ 'પરિણામ' ના પગલાંઓ કે જે લેવલ 1 ની સિદ્ધિ પહેલાં આવે છે તેનો ઉપયોગ કરીને પ્રગતિનો રિપોર્ટ કરી શકે છે.

## નેશનલ કરિક્યુલમ સ્તરો 1, 2 ,3 અને 4

અમુક બાળકો માટે, ઈચ્છિત સ્તરની નીચે કામગીરી એક વિશાળ સિદ્ધિ હોઈ શકે છે.

## નેશનલ કરિક્યુલમ સ્તર 5

કી સ્ટેજ 3 ના અંતે બાળકો માટે અપેક્ષિત સ્તર હોય છે – આ સ્તરને મોટા ભાગના બાળકો હાંસલ કરી શકશે, પણ બધાં નહી.

## નેશનલ કરિક્યુલમ સ્તરો 6, 7 અને 8

6 કક્ષાએ અથવા તેનાથી ઉપર સિદ્ધિ હાંસલ કરવી તે એ બતાવે છે કે તેઓ સરેરાશથી ઉપર સિદ્ધિ મેળવી રહ્યાં છે.

## એક્સેપશનલ પર્ફોર્મન્સ (ઇપી)

કેટલાક બાળકો અપેક્ષિત લેવલ કરતાં ઉપર સિદ્ધિ મેળવશે એવી અપેક્ષા રાખી શકાય છે

## N – સ્તર આપવામાં આવેલ નથી

ભાગ્યે જ, એવી પરિસ્થિતિઓ હોય છે કે જે એક સ્કૂલને જેના આધાર પર શિક્ષક આકારણી કરી શકાય તેવી પૂરતી જાણકારી અને પુરાવા મેળવવતાં રોકે છે.

## D – ડિસેપ્લાઇડ

કેટલાક સંજોગોમાં હેડટીચર નક્કી કરી શકે છે કે તમામ અથવા નેશનલ કરિક્યુલમનો ભાગ કોઈ એક વ્યક્તિને લાગુ પડતો નથી, ઉદાહરણ તરીકે, કોઈ બાળકની ખાસ શૈક્ષણિક જરૂરિયાતોના કારણે.

તે યાદ રાખવાનું અગત્યનું છે કે વિવિધ બાળકો અલગ દરોએ સફળતા મેળવશે, પરંતુ પ્રાઇમરી સ્કૂલને અંતે મોટા ભાગના બાળકો માટે નૅશનલ કરિક્યુલમ સ્કેલ પર દરેક મુખ્ય વિષયમાં સ્તર 4 પ્રાપ્ત થાય તેવી અપેક્ષા છે.

નૅશનલ કરિક્યુલમ સ્તરના વર્ણનકર્તાઓ વિશે જાણકારી માટે મુલાકાત લો
www.wales.gov.uk/educationandskills



## વાંચન અને અંકગણિત ના ટેસ્ટના ગુણાંક અને રીપોર્ટીંગ

આ ટેસ્ટની તપાસ સ્કૂલોમાં જ કરીને તેના માર્ક આપવામાં આવશે અને વિદ્યાર્થીઓના કાચા ગુણાંકને પ્રમાણભૂત ગુણાંકોમાં (સ્ટાન્ડર્ડાઈઝ્ડ સ્કોર) અને ઉંમર મુજબ બરોબરીના ગુણાંકોમાં પરિવર્તિત કરવામાં આવશે. સ્ટાન્ડર્ડાઈઝ્ડ સ્કોરમાં દેખાશે કે તમારા બાળકનું કાર્યપ્રદર્શન, વેલ્સમાં આ ટેસ્ટમાં બેઠેલાં તેની જ ઉંમરનાં બીજાં બાળકોની સરખામણીમાં કેવું છે. ઉંમરની બરોબરીના ગુણાંકો તમને કહેશે કે તેમણે ટેસ્ટમાં કેવું કર્યું છે તેના આધાર પર તમારા બાળકની વાંચનની ઉંમર (અથવા અંકગણિત માટે તેની બરોબરીની), તેની ખરેખરી ઉંમર જેટલી, તેના કરતાં વધારે કે તેના કરતાં ઓછી છે. તમારા બાળકની સ્કૂલ તરફથી તમને આ ગુણાંકો એક રીપોર્ટમાં આપવામાં આવશે.

આ ગુણાંક (સ્કોર) તમારું બાળક વાંચન અને અંકગણિતમાં કેવું કાર્યપ્રદર્શન કરી રહ્યું છે તેનું સૂચન આપે છે. તમારા બાળકના શિક્ષક ટર્મના અંતમાં આપવામાં આવતા રીપોર્ટમાં તેના કાર્યપ્રદર્શન અંગેનું પૂરેપૂરું ચિત્રણ આપશે.

# સ્કૂલના રીપોર્ટો

## સ્કૂલમાંથી રિપોર્ટો અને અન્ય માહિતીને મેળવવા માટે કોણ હકદાર છે?

તમે સ્કૂલમાંથી તમારા બાળકના રિપોર્ટની એક નકલ મેળવવા હકદાર છો. તમે ગવર્નર્સ વાર્ષિક રિપોર્ટની નકલ મેળવવા માટે પણ હકદાર છો.



છુટાછેડા લીધેલ, અથવા અલગ માતા - પિતા અને અન્ય જેને બાળક માટે પેરેંટલ જવાબદારી હોય છે તેઓ આ જાણકારી મેળવવા માટે સમાન રીતે હકદાર છે, સિવાય કે તેની મનાઈ કરતો કોર્ટનો હુકમ આપવામાં આવેલ હોય

માતા - પિતા / કેરરો અને પેરેંટલ જવાબદારી વિશે વધુ જાણકારી માટે, મુલાકાત લો

www.wales.gov.uk/educationandskills

# વધુ માહિતી જોઇએ છે?

તમે નીચેના સ્રોતો પાસેથી વધુ માહિતી મેળવી શકો છો.

- તમારી સ્કૂલ - તમારા બાળકના શિક્ષક, હેડટીચર અથવા ગવર્નિંગ બૉડી ના સભ્ય સાથે વાત કરો.
- તમારી લોકલ ઓથોરિટી.
- અમારી વેબસાઇટ પર મુલાકાત દ્વારા www.wales.gov.uk/educationandskills www.wales.gov.uk/schoolsinfo4parents
- મુલાકાત દ્વારા કરિયર્સ વેલ્સ વેબસાઇટ www.careerswales.com

# જો મને ચિંતા હોય તો હું કોની સાથે વાત કરી શકું?

જો તમને ચિંતા હોય તો, પ્રથમ તમારે તમારા બાળકના શિક્ષક સાથે વાત કરવી જોઈએ. જો તમારા બાળકની સ્કૂલમાં ચિંતા અથવા ફરિયાદ માટે સંપર્ક કરવા માટે પ્રથમ બિંદુ તરીકે એક પસંદ કરેલી વ્યક્તિ છે, તો તમે આ વ્યક્તિ સાથે પણ વાત કરી શકો છો.

જો તમે હજુ પણ ચિંતિત છો, તો તમે ફરિયાદ તરીકે તમારી ચિંતા ઊભી કરી શકો છો. સ્કૂલની ફરિયાદ સંભાળવાની નીતિ તમને કહેશે કે આ કેવી રીતે કરવું.

# સ્કૂલ બેન્ડિંગ

*બેન્ડિંગ (બેન્ડ આપવા) એક સ્કૂલોને કોઈ જાતનું લેબલ આપવા, નામ આપવા કે પછી શરમમાં નાંખવા માટે નથી, અથવા તો કોઈ પ્રકારનું લીગ ટેબલ બનાવવા વિશે નથી. તે સ્કૂલોને જૂથોમાં મૂકવા વિશે છે, જેથી ઓળખી શકાય; કે કોને ટેકાની જરૂરત છે અને શેમાંથી આપણે શીખી શકીએ તેમ છીએ. બેન્ડિંગથી સમગ્ર વેલ્સમાં સ્કૂલોમાં અસરકારક સુધારા કરવામાં મદદ થશે.*
*www.wales.gov.uk/schoolsinfo4parents*

# કી સ્ટેજ 4 માં સરળતાથી જવું

ફરજિયાત શિક્ષણના અંતિમ બે વર્ષમાં બાળકો એ અભ્યાસક્રમનું પાલન કરશે જેમાં ઇંગલિશ, વેલ્શ, ગણિત અને વિજ્ઞાન સામેલ હશે.

તેઓને વ્યાયામ શિક્ષણ, ધાર્મિક શિક્ષણ, વ્યક્તિગત અને સામાજિક શિક્ષણ અને જાતીય શિક્ષણનો અભ્યાસ પણ ચાલુ રાખવો પડશે તથા કારકિર્દી (કરિયર્સ) અને કામની દુનિયા વિશે શીખવું પડશે.

મોટા ભાગના બાળકો તેમની પસંદગીના કોર્સને અનુસરશે કે જે ક્વાલિફિકેશન્સમાં પરિણમી શકે જેવા કે જનરલ સર્ટિફિકેટ્સ ઓફ સેકેંડરી એજુકેશન (GCSEs).

તેમને 14 વર્ષની ઉંમરે અને પછી તેમના શિક્ષણ વિશે સારા નિર્ણયો લેવામાં મદદ કરવા માટે આ સ્કૂલ યુવાન લોકો અને તેમના માતા - પિતા / કેરરો માટે ઘણી માહિતી અને ટેકો આપશે.

# કી સ્ટેજ 4 પર વિકલ્પો

કી સ્ટેજ 3 ના છેલ્લા વર્ષમાં (વર્ષ 9), લોકલ ઓથોરિટી દ્વારા જાળવવામાં આવેલી સેકન્ડરી સ્કૂલોમાં યુવાન લોકોને અભ્યાસ કરવા માટે ઓછામાં ઓછા 30 અભ્યાસક્રમોની પસંદગીઓ ઓફર કરવામાં આવશે. આમાંથી ઓછામાં ઓછા પાંચ અથવા વધુ વોકેશનલ (વ્યાવસાયિક) કારકિર્દી (કરિયર) અથવા પ્રેક્ટિકલ (વ્યવહારુ) આધારિત અભ્યાસક્રમો હશે.

આથી તેમને વ્યાપક અને સંતુલિત અભ્યાસક્રમને અનુસરવા મળશે અને જેમાં તેમને રસ પડે તથા પ્રેરણા મળે છે તેવા અભ્યાસક્રમો પસંદ કરી શકશે. આ તેમને કી સ્ટેજ 4 ના અંતે સારા પરિણામો હાંસલ કરવામાં મદદરૂપ થશે.

કી સ્ટેજ 4 માં યુવાન લોકોને શિખાઉ આધાર સેવાઓનો વપરાશ પણ મળશે અને તેમના શિક્ષણ માટે કોઇ પણ અવરોધો દૂર કરવામાં મદદ કરવા માટે તેમાં શિક્ષણ તાલીમનો સમાવેશ પણ થાય છે.



# વેલ્શ બેક્કાલૌરેટ

વેલ્સમાં મોટાભાગની સ્કૂલો હવે વેલ્શ બેક્કાલૌરેટ ક્વાલિફિકેશનની પણ તક આપે છે. તે બે ભાગમાં હોય છે - મૂળ અને વિકલ્પો. મૂળ ભાગ ફરજિયાત છે અને પાંચ ભાગોમાં બનેલું છે;

- એસેન્ષિયલ સ્કિલ્સ (આવશ્યક કૌશલ્યો) વેલ્સ અને કી સ્કિલ્સ (મુખ્ય કૌશલ્યો)
- કામ સંબંધિત શિક્ષણ
- વેલ્સ, યુરોપ અને વિશ્વ
- વ્યક્તિગત અને સામાજિક શિક્ષણ
- વ્યક્તિગત તપાસ.



વિદ્યાર્થીઓ સ્કૂલમાં યોગ્ય સ્તરોએ મળતી પસંદગીઓમાંથી ક્વાલિફિકેશન માટે વિકલ્પો પસંદ કરી શકશે. આ GCSEs અથવા વ્યક્તિગત વિદ્યાર્થીને યોગ્ય લાગે તે મુજબ વોકેશનલ (વ્યાવસાયિક) ક્વાલિફિકેશનો હોઇ શકે છે.

14 – 19 વર્ષની ઉંમરનાં બાળકો માટેના ક્વોલિફિકેશનોની સમીક્ષા બાદ વેલ્શ સરકાર સપ્ટેમ્બર 2015થી શરૂ થતા અભ્યાસક્રમો માટે વેલ્શ બેક્કાલૌરેટમાં કેટલાક ફેરફારો કરશે.

વેલ્શ બેક્કાલૌરેટ વિશે વધારે જાણકારી મેળવવા માટે જુઓ: www.wales.gov.uk/topics/educationandskills/qualificationsinwales/qualificationtypesinwales/welshbac

અને ક્વોલિફિકેશનની સમીક્ષા વિશે વધારે જાણકારી મેળવવા માટે જુઓ: www.wales.gov.uk/ topics/educationandskills/qualificationsinwales


# કી સ્ટેજ 4 માં કરીઅર્સ (કારકિર્દી) અને કામની દુનિયાના વિચારણા

## મારું બાળક શું અપેક્ષા રાખી શકે છે?

- કરીઅર્સ (કારકિર્દી) અને કામની દુનિયાનો સ્કૂલના અભ્યાસક્રમમાં તથા બાળકોને ભવિષ્યમાં રોજગાર કરવા માટે તૈયાર કરવામાં એક મહત્વપૂર્ણ ભાગ છે. સ્કૂલોએ ખાતરી કરવી જોઈએ કે કામની દુનિયા, કુશળતા, જ્ઞાન અને ક્વાલિફિકેશન્સ જેની એમ્પ્લોયરસને જરૂર છે અને કારકિર્દી ની ઉપલબ્ધ પસંદગીઓની શ્રેણી વિશે જાણવાની બાળકોને તકો
મળે છે.

- કામનો અનુભવ 14 થી 19 વર્ષની ઉંમરના બાળકો માટે શિક્ષણનો એક મહત્વનો ભાગ છે. તેનાથી તેમને કામની દુનિયા વિશેના અને સાથે સાથે ઉદ્યોગ અને સાહસિકતા વિશેના તેમના જ્ઞાન અને સમજણમાં તેમજ તે માટે જોઈતી આવડતોમાં સુધારો કરવાની તક તેમને મળી રહે છે

  આમાં બાળકોને એમ્પ્લોયર સાથે કામ કરવા માટે મુકવાનો (પ્લેસમેન્ટ થવાનો) સમાવેશ થઇ શકે છે. જોકે કામનો અનુભવ પૂરો પાડવો એવી સ્કૂલો પર કોઈ જરૂરીયાત નથી પરંતુ ઘણી સ્કૂલો તે પૂરો પાડે છે



# 11-14 વર્ષની ઉંમરનાં બાળકોનાં માતાપિતા માટે ઉપયોગી સંપર્કો

ઉપયોગી સંપર્કોની આ યાદીથી તમને માતા કે પિતા તરીકે તમારા જીવનમાં બાળકોને સહાયતા કરવામાં મદદ માટેની વધારે માહિતી મેળવવામાં મદદ થશે.

***Bitesize** એ બીબીસીની મફત ઓનલાઈન સહાય સામગ્રી છે જે યુકેમાં બાળકોને તેમના સ્કૂલનાં કામમાં મદદ પૂરી પાડે છે.
www.bbc.co.uk/bitesize

***Childline** એ યુકેમાં બાળકો અને યુવાન લોકો માટેની 24 કલાક ખુલ્લી રહેતી એક ખાનગી સેવા છે, જે બાળકો પર થતા અત્યાચારથી માંડીને ડ્રગના દુરૂપયોગને લગતી કોઈ પણ ચિંતાજનક બાબતો પર કામ કરે છે.
www.childline.org.uk

***Lovereading4kids** તમને એવાં પુસ્તકો શોધવામાં મદદ કરશે જેનાથી તેમને ઉત્તેજના મળે અને તેમને વાંચન પ્રત્યે લગાવ ઊભો થાય.
www.lovereading4kids.co.uk

***Sumdog** એક સાઈટ છે જે ગણિતને આનંદપ્રદ બનાવતી ગેઈમ્સ આપે છે. તે બધા પર મફત રમી શકાય છે અને તેમાંથી વધારાના ભાગો મેળવવા માટે તેના લવાજમી સભ્ય બનવાનો વિકલ્પ પણ મળે છે.
www.sumdog.com

એપ્રેન્ટીસશીપ એ વોકેશનલ (વ્યવસાયિક) લાયકાતો છે. વેલ્સમાં એપ્રેન્ટીસશીપ વિશે અને આ પ્રોગ્રામો શા માટે તમારા બાળક માટે યોગ્ય હોઈ શકે તેની તપાસ કરો. www.wales.gov.uk પર જાવ અને તેના પર Apprenticeships Wales અને Parents section પર જુઓ.
www.wales.gov.uk

**Change4life** તમને અને તમારાં કુટુંબીજનોને વધારે તંદુરસ્ત અને વધારે ખુશ રહેવા માટેના સુઝાવો અને પદ્ધતિઓ આપે છે.
www.change4lifewales.org.uk

**તમારા બાળકની સ્કૂલ કેવું કરી રહી છે?**
સમગ્ર વેલ્સમાં સ્કૂલોના કાર્યપ્રદર્શન વિશે માહિતી પૂરી પાડતી વેબસાઈટ.
www.mylocalschool.wales.gov.uk

***માતાપિતાઓ માટે BBC Advice**
હોમવર્કમાં મદદ કરવાથી માંડીને સ્પેશ્યલ એજ્યુકેશનલ નીડ્સ (શીખવાની ખાસ જરૂરતો) સુધી, તમારા બાળકને સ્કૂલમાં કેવી રીતે મદદ કરવી તેની જાણકારી મેળવો.
www.bbc.co.uk/schools/parents

**MEIC**
વેલ્સમાં બાળકો અને યુવાન લોકો માટેની એક ખાનગી હેલ્પલાઈન છે. તમારા સ્થાનિક વિસ્તારમાં શું ચાલી રહ્યું છે તે જાણવાથી માંડીને બુલીઈંગ (દાદાગીરી) સામે પગલાં લેવામાં મદદ કરવા અંગેની જાણકારી મેળવવા માટે.
www.meiccymru.org

**Careers Wales**
તમારા બાળકને તેમની ભાવિ કારકીર્દીની પસંદગીઓ કરવામાં મદદ માટેની માહિતી અને સલાહ મેળવવા માટે.
www.careerswales.com

**Estyn**
તમારા બાળકની સ્કૂલ કેવું કામ કરી રહી છે તે વિશે વધારે જાણકારી મેળવો.
www.estyn.gov.uk

** મહેરબાની કરીને નોંધ લેશો કે આ વેબસાઈટ માત્ર અંગ્રેજીમાં જ મળી શકે છે.*

